# Frequently Asked Questions

૧. **માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના નો લાભ લેવા માટે કોણ અરજી કરી શકે ?**

**જવાબ:** માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાત રાજયમાં આવેલી શાળાઓમાંથી ચાલુ શૈક્ષણિક વર્ષે (Current Academic Year) ધોરણ ૧૨ HSC (વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહ) ની પરીક્ષા પાસ કરીને સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર તથા શિક્ષણ વિભાગના તા. ૨૩/૦૭/૨૦૧૪ ના ઠરાવમાં જણાવ્યા મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવવા **અરજી કરી શકે** છે.

૨. **માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લેવા માટેની પાત્રતા (Eligibility) શુ છે ?**

**જવાબ:** માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ નીચે જણાવેલ <u>તમામ શરતો</u> સંતોષતા હોય તેવા વિદ્યાર્થીઓને મળી શકે છે .

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગરની તથા અન્ય માન્ય બોર્ડની ધોરણ ૧૨ ની પરીક્ષા ગુજરાત રાજ્યમાંથી પાસ કરનાર
- રૂપિયા ૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પૂરા) સુધીની વાર્ષિક આવક (માતા-પિતા/વાલીની આવક તથા તેઓની સ્થાવર-જંગમ મિલકતોમાંથી તથા અન્ય તમામ પ્રકારના સ્ત્રોતોમાંથી થયેલ કુલ આવક) ધરાવતા વાલીઓના સંતાનો
- સ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવનાર
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા અન્ય માન્ય બોર્ડના ગુજરાત રાજ્યમાંથી ધોરણ ૧૨ ની પરીક્ષામાં સફળ થયેલ,
  (અ) વિજ્ઞાન પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા ચાર પર્સન્ટાઇલ સુધીના વિદ્યાર્થીઓ અને
  (બ) સામાન્ય પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા એક પર્સન્ટાઇલ સુધીના વિદ્યાર્થીઓ.

૩. **ધોરણ-૧૨ ની પરીક્ષામાં કયા વિષયોના માર્કસ પર્સન્ટાઇલની ગણતરીમાં ધ્યાનમાં લેવાશે ?**

**જવાબ:** જે-તે સંબંધિત બોર્ડ દ્વારા વિદ્યાર્થીને ધોરણ-૧૨માં આપવામાં આવતા તમામ વિષયોના (થીયરી તથા પ્રેકટીકલ) Overall પર્સન્ટાઇલ ગણતરીમાં લેવાશે.

૪. **પ્રશ્ન-૨માં જણાવ્યા સિવાય અન્ય કોને માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળી શકે?**

**જવાબ:** પ્રશ્ન-૨માં જણાવ્યા મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ ઉપરાંત ૫૦% થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા ૫૦ તાલુકાઓની શાળાઓમાંથી ૭૫% (પરસન્ટેજ) થી વધારે ગુણથી પરીક્ષા પાસ કરી સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર

કન્યાઓ માટે <u>વધારાની ૫૦૦ શિષ્યવૃત્તિઓની </u>માતા-પિતા/વાલીની **<u>આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય</u>** મેરીટના આધારે નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

- o ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ 'એ' ગ્રુપ – ૧૫૦ વિદ્યાર્થીનીઓ
- o ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ 'બી' ગ્રુપ – ૫૦ વિદ્યાર્થીનીઓ
- o ધોરણ-૧૨ સામાન્યપ્રવાહ - ૩૦૦ વિદ્યાર્થીનીઓ

---

૫. **ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ, આતંકવાદ, નક્સલવાદ જેવા કારણોસર ફરજ દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી વિકલાંગ થયા હોય તેવા ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના, કેન્દ્રીય કે રાજ્ય અનામત પોલીસદળોના અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનો માટે માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં શું જોગવાઈ છે?**

**જવાબ:** ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ,આતંકવાદ નક્સલવાદ જેવા કારણોસર ફરજ દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી વિકલાંગ થયા હોય તેવા ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના, કેન્દ્રીય કે રાજ્ય અનામત પોલીસદળોના અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનોએ ધોરણ-૧૨ની પરીક્ષામાં ૭૫% (પરસન્ટેજ) કે તેથી વધુ ગુણ મેળવ્યા હશે તો વાલીની **આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય** આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

---

૬. **માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ કોને ન મળી શકે?**

**જવાબ:** જે કુટુંબની વાર્ષિક આવક રૂ. સાડા ચાર લાખથી વધુ હોય તેવા વાલીઓના સંતાનોને(**પ્રશ્ન-૪ અને પ્રશ્ન- ૫** માં જણાવ્યા મુજબના વિદ્યાર્થીઓ સિવાય) માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહી.

---

૭. **શું માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના સાથે અન્ય શિષ્યવૃત્તિ નો લાભ લઈ શકાય ?**

**જવાબ:** રાજ્ય સરકાર/ કેન્દ્ર સરકાર કે અન્ય કોઈ યોજના હેઠળ શિષ્યવૃત્તિ કે ફ્રી-રીઈમ્બર્સમેન્ટ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

---

૮. **માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં અનામત કેટેગરી** વિદ્યાર્થીઓ માટે **શું જોગવાઈ છે ?**

**જવાબ:** અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને શારીરિક અશક્તતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે કુલ લાભાર્થી સંખ્યાની ટકાવારીમાં નિયમ મુજબ ભરતી સમયે રાખવામાં આવતી ટકાવારી જેટલી શિષ્યવૃત્તિ સંખ્યા આ યોજનામાં અનામત રહેશે.

---

૯. **સરકારી/ગ્રાન્ટેડ સંસ્થાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ કેટલી શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય ?**

**જવાબ:** મેરીટમાં આવતા અને પાત્રતા ધરાવતા સરકારી / ગ્રાન્ટેડ કોલેજોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને દર વર્ષે રૂ ૫૦૦૦/- શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

---

**૧૦. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ કેટલી શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય ?**

**જવાબ:** મેરીટમાં આવતા અને પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના હેતુસર જે-તે સ્વનિર્ભર અભ્યાસક્રમ (તબીબી અભ્યાસક્રમો સિવાયના) માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફી ની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦૦૦૦ તે બે પૈકી જે ઓછું હોય તેટલી શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

મેરીટમાં આવતા અને પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના હેતુસર જે-તે સ્વનિર્ભર તબીબી અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફી ની ૫૦% રકમ અથવા રૂપિયા ૨૦૦૦૦૦ તે બે પૈકી જે ઓછું હોય તેટલી શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

**૧૧. માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં શિષ્યવૃત્તિ રીન્યુઅલ અંગે શું શરત છે ?**

**જવાબ:** વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં રીન્યુઅલ શિષ્યવૃત્તિ મેળવવા માટે અગાઉ જે વર્ષે શિષ્યવૃત્તિ મળી હોય તે પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ % (પર્સન્ટેજ) માર્કસ મેળવવાના રહેશે.

**૧૨. વિદ્યાર્થી શિષ્યવૃત્તિ મેળવવા માટે અથવા શિષ્યવૃત્તિ ચાલુ રાખવા માટે કયા સંજોગોમાં ગેરલાયક ઠરશે?**

**જવાબ:** શિષ્યવૃત્તિ મેળવનાર કોઈ વિદ્યાર્થી સામે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર ગેરશિસ્ત વિષયક કાર્યવાહી થશે તો આવો વિદ્યાર્થી શિષ્યવૃત્તિ મેળવવા માટે અથવા શિષ્યવૃત્તિ ચાલુ રાખવા માટે ગેરલાયક ઠરશે.

જો કોઈ વિદ્યાર્થીએ ખોટી વિગતો, ખોટું આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપિંડીથી શિષ્યવૃત્તિ મેળવેલ છે તેવું પ્રસ્થાપિત થશે તો શિષ્યવૃત્તિની તમામ રકમ ૧૮% ના દંડનીય વ્યાજ સહિત પરત જમા કરાવવા ઉપરાંત કાયદેસરની કાર્યવાહી માટે પગલાં લેવામાં આવશે.

શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓની જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫ % હાજરી હોવી જરૂરી રહેશે.

**૧૪. માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લેવા વિદ્યાર્થીઓને કયા પ્રમાણપત્ર/દસ્તાવેજોની જરૂરીયાત રહેશે?**

**જવાબ:** માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લેવા વિદ્યાર્થીઓને નીચે મુજબનાં **પ્રમાણપત્ર/દસ્તાવેજોની નકલનો એક સેટ હેલ્પ સેન્ટર ખાતે** જમા કરાવવાના રહેશે.

(૧) ધોરણ ૧૨ (HSC) ની માર્કશીટ

(૨) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ( LC / TC)

(3) વિદ્યાર્થીએ સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યાનો એડમિશન લેટર અને ફી ભર્યાની રસીદ

(૪) મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવેલું માતા-પિતા/વાલીની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર

(૫) નિયામકશ્રી, સૈનિક વેલ્ફેર બોર્ડનું /સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (કેન્દ્રીય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના, કેન્દ્રીય કે રાજ્ય અનામત પોલીસદળોના અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનો માટે)

(૬) અનુસુચિત જાતિના કિસ્સામાં સીટી જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/ગ્રામ્ય માટે સમાજ કલ્યાણ અધિકારી પંચાયત/તાલુકા વિકાસ અધિકારી (TDO)/ મામલતદારશ્રી / નાયબ મામલતદારશ્રી /રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવેલા અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર

(૭) અનુસુચિત જનજાતિના કિસ્સામાં જીલ્લાના વિજિલન્સ ઓફિસર/ મામલતદારશ્રી / નાયબ મામલતદારશ્રી/ જિલ્લા વિકાસ અધિકારી (DDO)/તકેદારી અધિકારી/રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવેલા અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર

(૮) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારીનું જાતિ પ્રમાણપત્ર

(૯) શારીરિક અશકતતા ધરાવતા વિદ્યાર્થીના કિસ્સામાં શારીરિક અશકતતા બાબતનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર

(૧૦) રૂ. ૨૦ નાં નોન-જ્યુડીશીયલ સ્ટેમ્પ-પેપર પર વાલી/વિદ્યાર્થીનું એફીડેવિટ (વેબસાઈટ પરથી લાગુ પડતું એફીડેવિટ મેળવી લેવું )

---

**૧૫ વિદ્યાર્થીઓએ ઉપર જણાવેલા લાગુ પડતા સંબંધિત પ્રમાણપત્ર ઓન-લાઈન અરજી સાથે કયા ફોર્મેટમાં અને કેટલી સાઈઝના અપલોડ કરવાના રહેશે?**

જવાબ: વિદ્યાર્થીઓએ ઉપર જણાવેલા લાગુ પડતા સંબંધિત પ્રમાણપત્ર ઓન-લાઈન અરજી સાથે **.pdf** અથવા **.jpeg** ફોર્મેટમાં (દરેક દસ્તાવેજ મહતમ 500 **Kb** સાઈઝ/ ફોટો 15 **Kb**/ વિદ્યાર્થીની સહી 15 **Kb** ) અપલોડ કરવાના રહેશે.

---

**૧૬ આ યોજનાનો લાભ લેવાની અરજી કરતા પહેલા બેંક ખાતુ ખોલાવવું ફરજીયાત છે?**

જવાબ: આ યોજના હેઠળ મળનાર શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીના બેંક ખાતામાં જમા થતી હોવાથી બેંક ખાતુ ખોલાવવું ફરજીયાત છે . જે વિદ્યાર્થીઓએ બેંક ખાતુ ખોલાવેલ ન હોય તેઓએ નવું બેંક ખાતુ ખોલાવી લેવાનું રહેશે.

---

**૧૭ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાના અરજી ફોર્મ ક્યાંથી મળશે ?**

જવાબ: માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના માટે તમામ વિદ્યાર્થીએ **http://scholarships.gujarat.gov.in/cmscholarships/** પર ઓનલાઈન અરજી કરવાની છે.

---

**૧૯ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાના અરજી ફોર્મ ક્યાં જમા કરાવવાના રહેશે ?**

જવાબ: માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના માટે વિદ્યાર્થીએ ઓનલાઈન અરજી કર્યા બાદ કરેલ ઓનલાઈન અરજીની પ્રિન્ટ કાઢી જરૂરી પ્રમાણપત્રોની હેલ્પ સેન્ટર ખાતે

| | | |
|---|---|---|
| | | ચકાસણી કરાવી પ્રમાણપત્ર/દસ્તાવેજોની નકલનો એક સેટ હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનો રહેશે. |
| ૨૦ | | **હેલ્પ સેન્ટર અંગેની માહિતી ક્યાંથી મળશે?** |
| | **જવાબ:** | હેલ્પ સેન્ટર અંગેની માહિતી વેબસાઈટ પર મુકેલ છે. |
| ૨૧ | | **માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો અમલ કોના દ્વારા થશે ?** |
| | **જવાબ:** | માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના નો અમલ નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (KCG), પી.આર.એલ સામે, એલ.ડી.ઈજનેરી કોલેજ પાસે, અમદાવાદ મારફત થશે. |